Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-3, Continuous Issue-32, July - August 2025

# 'बारोमास' નવલકથામાં પર્યાવરણીય સંવેદના : એક ઇકોક્રિટિકલ અભ્યાસ

-પરમાર મધુ લાખાભાઈ

આધુનિક સમયમાં પર્યાવરણ સંબંધિત સમસ્યાઓ સતત વધતી જાય છે જેના કારણે સાહિત્યમાં પ્રકૃતિ અને પર્યાવરણ અંગેની જાગૃતિ વધુ સ્પષ્ટ રીતે વ્યક્ત થવા લાગી છે. પર્યાવરણીય વિવેચનવાદ એ પર્યાવરણીય અભ્યાસ, ઇકોલોજી, ભૂગોળ અને સાંસ્કૃતિક અભ્યાસ સહિત વિવિધ આંતરશાખાકીય દ્રષ્ટિકોણનો ઉપયોગ કરે છે, જેથી સાહિત્ય કુદરતી વિશ્વ સાથેના આપણા સંબંધને કેવી રીતે પ્રતિબિંબિત કરે છે તેનું પરીક્ષણ કરી શકાય. પર્યાવરણીય વિવેચકો અન્વેષણ કરે છે કે પ્રકૃતિનું સાહિત્યિક પ્રતિનિધિત્વ પર્યાવરણ પ્રત્યેના આપણા વલણ અને વર્તણૂકોને કેવી રીતે આકાર આપે છે, અને સાહિત્યમાં પર્યાવરણીય મુદ્દાઓ કેવી રીતે રજૂ થાય છે. ઇકોક્રિટિસિઝમ સાહિત્ય અને પર્યાવરણ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરતું એક મહત્વપૂર્ણ આધુનિક વિવેચન છે.

ઈ.સ. 1960ના દાયકામાં ઇકોક્રિટિસિઝમએ અમેરિકામાં એક સાહિત્યક ચળવળ તરીકે જોવા મળે છે. વીસમી સદીના અંત ભાગમાં માનવી પોતાની પ્રગતિ માટે પર્યાવરણ તરફ જોખમી બનતો જોવા મળે છે. ઈ. સ. 1962માં પ્રકાશિત રેચલ કાર્સન 'Silent Spring' ('સાઇલેન્ટ સ્પ્રિંગ') પુસ્તકમાં પર્યાવરણને થતા નુકશાનની ગહનપૂર્વક ચર્ચા કરવામાં આવી છે. જંતુનાશકો અને ઝેરી રસાયણોને કારણે પૃથ્વી પર કેટકેટલાં જોખમો ઊભા થયાં છે તેની વાત આ પુસ્તકમાં કરવામાં આવી છે.

વિલિયમ રુકટે ઇ.સ.1978માં 'Literature And Ecology : An Experiment In Ecociticism' નામના નિબંધમાં 'ઇકોક્રિટીસિઝમ' શબ્દનો પ્રથમ વખત ઉપયોગ કર્યો હતો.

ઇકોક્રિટિસિઝમની વ્યાખ્યા આપતા ચેરિલ ગ્લોટ ફેલ્ટી 'Ecocriticism Reader' નામના અમેરિકન ગ્રંથમાં જણાવે છે: " Ecocriticism Is The Study Of The Relationship Between Literature And The Physical Environment. Just Us Feminist Criticism Examines Language And Literature From A Gender Conscious Perspective And Marxist Criticism Bring An Awareness Of Modes Of Production And Economic Class To Its Reading Of Texts, Ecocriticism Takes An Earth Centered Approach To Literary Studies" ( ઇકોક્રિટીસિઝમ એ સાહિત્ય અને ભૌતિક પર્યાવરણ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરે છે જેમ નારીવાદી વિવેચન ભાષા અને સાહિત્યને લિંગસભાન દ્રષ્ટિકોણથી તપાસે છે અને માર્ક્સવાદી વિવેચન તેના ગ્રંથોમાં ઉત્પાદનના સાધનો અને અર્થશાસ્ત્રના વિવિધ વર્ગો વિશે જાગૃતિ લાવે છે એમ ઇકોક્રિટીસિઝમ સાહિત્યના અભ્યાસ માટે પૃથ્વી કેન્દ્રિત અભિગમ અપનાવે છે.)

## 'बारोमास' નવલકથાનો ઇકોક્રિટિકલ અભ્યાસ :

### 'बारोमास' નવલકથાનું કથાવસ્તુ :

બારોમાસ  નવલકથાએ મરાઠી લેખક સદાનંદ દેશમુખ દ્વારા લખાયેલી અને  ઇ.સ. 2004માં સાહિત્ય અકાદમી દ્વારા પુરુસ્કૃત થયેલી નવલકથા છે. નવલકથામાં મુખ્યત્વે ખેતી આધારિત ગ્રામીણ  જીવનશૈલીનું ચિત્રણ કરવામાં આવ્યું છે. સાંજોલ ગામમાં રહેતા શિક્ષિત છતાં બેરોજગાર કૃષક યુવાન એકનાથ તનપુરે અને તેમના પરિવારની આપવીતી કહી છે. બાર મહિનામાં વરસાદ આધારિત ખેતી કરતો ખેડૂત કર્જમાં ડૂબેલો  કેવી કેવી પરિસ્થિતિઓમાંથી પસાર થાય છે તેની વાત આ નવલકથામાં કરવામાં આવી છે.

સુભાનરાવને બે પુત્ર અને એક પુત્રી છે. એકનાથ તનપૂરે અને મધુકર તનપૂરે બંને ભાઈઓ ભણવામાં ખૂબ હોશિયાર છતાં ડોનેશન ન દેવાના કારણે તેમને ક્યાંય નોકરી ન મળી હતી. એકનાથ નોકરી ન મળવાથી પોતાના જીવનને વ્યર્થ  ગણવા લાગ્યો હતો. એકનાથની પત્ની અલકા પણ ઘરમાં ભૌતિક સુખ સગવડ ન હોવાને કારણે  એકનાથને છોડીને પિયરમાં જતી રહે છે.પિતા સુભાનરાવ પન્ધરપુરના વિઠ્ઠલની ભક્તિ કરતાં હોય છે. માતા શેવંતામાઈ પણ મહાપંથી હતી.ભાઈ મધુકર રાતે પુરાણી જમીન ખોદયા કરે છે કે ક્યારેક તો સોનું મળશે અને તે માલામાલ થઈ  જશે પણ એવું ક્યારેય થવાનું જ નથી.

શાહુકાર દગડું મહાકાલ અને બાલુશેઠ જેવા  વ્યકિત ખેડૂતોને બમણા  વ્યાજદરે પૈસા આપે છે. બદલામાં  કોરા સ્ટેમ પર ખેડૂતોની સહી  પણ લઇ  લે છે. ખેડૂત વરસાદ  ન થવાના કારણે પાકની ઉપજ મેળવી શકતો નથી અને વ્યાજના પૈસા ભરી ન શકવાને કારણે અંતે આત્મહત્યા કરી લે છે. સુભાનરાવનો જમાઈ રાવસાહેબ પણ વ્યાજના પૈસા ન ભરી શકવાને કારણે આત્મહત્યા કરી લે છે. ભારત સરકાર દ્વારા શ્રેષ્ઠ ખેડૂતનો પુરુસ્કાર પણ આપવામાં આવ્યો હતો. ખેતીમાં તેમણે અનેક નવા નવા પ્રયોગો પણ કર્યા હતા. નીંદણ માટે મજૂર ન કહેવું  પડે તે માટે તેમણે એક ઓજાર પર તૈયાર કર્યો હતો. એકનાથની બહેન મંગલા વિધવા થઈ  જાય છે.બાળકો બાપ વિહોણા થઈ જાય છે.

ઘરમાં કોઈનું ન માનતો દીકરો મધુકર પોતાની નોકરીના  ડોનેશન  માટે બાપ સુભાનરાવને જમીન ગિરવી રાખવાનું કહે છે પણ સુભાનરાવ માનતા નથી. એ ક્યારેય જમીન વેચવાની કે ગિરવી મુકવાની  તરફેણમાં નથી. મધુકર હઠ લઈને બેસી જાય છે. અન્નનો ત્યાગ કરીને કેટલાય દિવસ ભૂખ્યો રહે છે.પુત્રને બીમાર અવસ્થામાં જોઈને સુભાનરાવ કલ્યાણીની વાડીવાળી જમીન ગિરવી મૂકવાનો નિર્ણય માની  જાય છે.જ્યારે જમીન ગીરવી મૂકી છે ત્યારથી સુભાનરાવનું કોઈ વસ્તુમાં મન નથી લાગતું .દિવસે દિવસે તેનું શરીર ઘસાતું જાય છે. દગડું મહાકાલ પોતાની કલ્યાણી વાડીમાં દારૂની ભઠ્ઠી  અને માંસાહાર રાંધે છે એ જોતાં તો એનું હૃદય ફાટી જાય છે.  સુરેશ સાંઠે  કહેવાથી મધુકર એક લાખ રૂપિયા ડોનેશનમાં ભરી દે છે .બીજા એક લાખ રૂપિયા ઘરમાં રાખ્યા છે. માં શેવંતામાઈ પૈસાની રખેવાડી  કરવામાં કેટલીય રાતથી સૂતી નથી. એકનાથ પણ ભાઈના આ કુકર્મો જોઈને ખૂબ દુ:ખી થાય છે. વિધાયક માલપાણીનો પી.એ. ઉતમ ઠાકરે બેકાર યુવકોને નોકરીના નામે પૈસા પડાવીને લાખો રૂપિયાની છેતરપિંડી કરીને ભાગી જાય છે. મધુકરના પૈસા પણ તેને પડાવી લીધા હતા.

સુભાનરાવે  જ્યારથી આ વાત સાંભળી  ત્યારથી તેને ક્યાંય સુખ ચેન નથી હોતું. બાપની  આ દશા જોઈને  એકનાથ ખુબ જ હતાશ થઇ  જાય છે. બીજા એક લાખ રૂપિયા દગડું શેઠને આપવાની વાત કરે છે પણ દગડું શેઠ પૂરા બે લાખ રૂપિયા અને વ્યાજ માંગે છે. જો અગિયાર મહિનામાં તેના પૈસા ભરવામાં ન આપ્યા તો શેઠ  દગડું પોતાના કબ્જામાં ખેતર કરી લેશે.એક લાખ રૂપિયા સુભાનરાવ ક્યારેય ભરી શકવાનો નથી. આ વિચાર સાથે સુભાનરાવ ઝેરી  દવા ( એડરીન)પી જાય છે. પણ ઉલટી થઈ  જવાને કારણે તેનો જીવ બચી જાય છે. નવલકથાના અંતે સુભાનરાવ પુત્ર દ્વારા જમીન ગિરવી મૂકવાના દુ:ખથી અને ખેતરોના પાકોમાં મોટા પ્રમાણમા રોગોના કારણે આ વર્ષે પણ કંઇ જ પાક  ન થવાના કારણે મૃત્યું પામે છે. શેંવતામાઈ કરૂણ વિલાપ કરે છે.

'बारोमास' નવલકથામાં કુદરતી સંસાધનોને નુકશાન :

નવલકથાની શરૂઆત કલ્યાણીની વાડી નામના સ્થળથી થાય છે જ્યાં એકનાથ તનપુરે બેઠો હોય છે. ત્યારે તેને તેના નાનુદાદાની વાત યાદ આવે છે.નાનુદાદા આધુનિક ખેતીના વિરોધી હતા.તેઓ જમીનમાં વપરાતા રાસાયણિક ખાતર અને હાઇબ્રીડ બિયારણથી થતી ખેતીના અનાજ ન ખાવાની તરફેણમાં હતા. પુત્ર સુભાનરાવ તેમના માટે અલગથી દેશી જુવાર વાવતો.તેમણે પહેલેથી બધી વસ્તુમાં દેશીનો આગ્રહ રાખ્યો હતો.નાનુદાદા જમીન અંગે વાત કરે ત્યારે કહે છે કે, "शाप लगा है तुम्हें इस भूमि का । अरे वह दिखने में निर्जीव होगी, फीर भी उसमें जान होती है। तभी तो उसके पेट मे सबकुछ उगता है। पर उस पर ऐसा अत्याचार होने पर वह कितने दिन सहेगी ?" નાનુદાદાની વાત ઇ.સ. 1962માં રેચલ કર્સન સાથે સરખાવીએ તો કશું ખોટું નથી. Slient sping માં લેખક અમેરિકામાં કૃષિમાં વપરાતા ડીડીટી તથા અન્ય કેમિકલ દવાઓનો વિરોધ કર્યો છે, જે નવલકથામાં હાઇબ્રીડ બિયારણ અને રાસાયણિક ખાતરોમાં જોવા મળે છે. વધુ પડતાં જંતુનાશકો દવાઓના છંટકાવથી જમીનની ફળદ્રુપતા ઘટી જાય છે અને જમીનનું ઉત્પાદન પણ ઘટી જાય છે. નાનુદાદા કહે છે કે હાઇબ્રીડ પાકો ખાઈને માણસ પણ સાવ નમાલો બની જશે.

'बारोमास' નવલકથામાં માનવ અને પ્રકૃતિ વચ્ચેનો સબંધ :

નવલકથામાં વરસાદ આધારિત ખેતી હોવાથી પ્રકૃતિને આધારે જીવવું પડે છે. માનવીનું સંપૂર્ણ અસ્તિત્વ પ્રકૃતિ પર નિર્ભર છે. જો વરસાદ સારો થાય તો ખેતર ધન-ધાન્યથી સંપન્ન રહે અને જો વરસાદ ન આવે તો ખેતરો વેરાન બની રહે. ખેતરો જ વેરાન થાય તો પાકની શક્યતા જ ન હોય. ખેડૂતનો જીવનનિર્વાહ તો ઠીક પણ જે માથા પર કર્જ લીધેલું છે તેના કારણે તે જીવી પણ નથી શકતો. એકનાથના પરિવાર પાસે ઘણી જમીન છે છતાં પણ ક્યારેય તેઓના ઘરમાં પૂરતું રાશન પણ નથી લાવી શકતા. કોઈ આવે તો ચા માટે ચા અને ખાંડ લેવાના પણ ફાંફા પડે છે. જમવામાં પણ ક્યારેય કોઈ શાકભાજી હોતી નથી. દાળ નો વઘાર અથવા તો ચણાનો લોટનો ઘોળ જ હોય છે.

નવલકથાના મુખ્ય નાયક એકનાથને પશુ, પક્ષીઓ અને ખાસ તો વૃક્ષો સાથે ખૂબ જ પ્રેમ હતો. પોતાના પાળેલા પશુઓને પણ એકનાથ ખૂબ જ વ્હાલ કરતો હતો. એકનાથના ઘરે ચંદ્રી નામની બિલાડી પાળેલી હતી જેને તે સવાર સાંજ દૂધ પીવડાવતો. ચંદ્રી જ્યારે સાવ બચ્ચું હતું ત્યારથી તે તેને ઘરમાં લાવ્યો હતો. નવલકથામાં એક જગ્યાએ લેખકે એકનાથના મુખે બિલાડીના મનની વ્યથાને પણ વાચા આપી છે: ". बेटा एकनाथ, क्या पसरा पड़ा है ऊपर जाकर। मेरे दूध की कोई व्यवस्था कर..." આમ અહીં બિલાડી અને માનવીનો વાર્તાલાપ થાય છે.મનુષ્ય કદાચ ખરા દિલથી પર્યાવરણ અને પર્યાવરણમાં વસતા જીવો ને પ્રેમ કરે તો સામે પક્ષે પણ તેને તેટલો જ પ્રેમ મળે.

નવલકથામાં વૃક્ષોને અને પ્રકૃતિને પ્રેમ કરતો એકનાથ પોતાની પત્નીને તેડવા જ્યારે મોહાડી જેવા શહેરમાં જાય છે ત્યારે તેને વૃક્ષો ખૂબ ગમે છે સાંજોલ જેવા ઉજ્જળ ગામ કરતા તેને મોહાડીના વૃક્ષો વધારે રળિયામણા લાગે છે. એક બાજુ એકનાથ છે જેને પ્રકૃતિ અને વૃક્ષો પ્રત્યે અપાર પ્રેમ છે જ્યારે બીજી બાજુ મધુકર જેને જમીન સાથે કોઈ લેવાદેવા નથી.

શેવંતામાઈ મંગલા નામના વાછરડાનો ઉછેર કરે છે. શેવંતામાઇનું આ વાછરડું એટલું લાડકું બની જાય છે કે જ્યાં શેવંતામાઈ જાય ત્યાં તે પાછળને પાછળ જતું હતું. અહીં વાછરડું પોતાની માં અટેલે કે ગાય પાસે ન જતું . તે શેવંતામાઈને જ જાણે પોતાની માતા ન માનતો હોય તેમ તેની આજુબાજુ જ રહેતું .માનવ અને પ્રાણી વચ્ચેના માં પુત્ર જેવા સંબંધો જોવા મળે છે.

'बारोमास' નવલકથામાં પ્રકૃતિને થતું નુકસાન :

સાંજોલ ગામ જુના જમાનામાં વાકાટ્ક રાજાનું સામ્રાજ્ય હતું જેમાં સોના ચાંદીના અખૂટ ભંડાર હતા પછીથી તો મુઘલ સામ્રાજ્યમાં લડાઇ થઈ અને મુસલમાનનો ધન ભંડારો લઈ ગયા

પણ એકનાથનો ભાઈ મધુ પોતાની ટોળીને લઈને જમીનની નીચે દટાયેલું સોનું શોધવા માટે રોજ રાતે જતો પણ આજ સુધી એને ક્યારેય સોનું ન મળ્યું .શિક્ષિત હોવા છતાં પણ અંધશ્રદ્ધામાં માનનાર મધુકર તનપુરે કોઈ તાંત્રિક બાવાના જાળમાં ફસાઈને ધન મેળવવાની લાલચમાં ઘુવડની અને માછલી ની આંખો કાઢી લે છે. આમ અંધશ્રદ્ધાને કારણે ઘુવડ જેવા પક્ષી અને જળચર માછલીને મારી નાખવામાં આવે છે. તેમની આંખોનું કાજલ બનાવવાનું હોય છે જેના કારણે તે જીવ માત્રની બલી આપે છે. અહીં જીવ માત્ર ને પોતાની સ્વતંત્રા ન રહેતા તે મૃત્યુને ભેટી જાય છે.પર્યાવરણના જીવોને મારીને ક્યારેય કોઈનું ભલું થયું નથી. મધુકારે બી.એ. પ્રથમ ક્રમાંકે પાસ કર્યું હતું પણ નોકરી ન મળવાથી એ જમીનમાં સોનું શોધવામાં રોજ રાત ઘરેથી બહાર રહેતો હતો. દિલીપ નામનો છોકરો પણ નોકરી ન મળવાને કારણે મધુકરની સૂનહરી ટોળી સાથે જોડાય છે. આ અંધશ્રદ્ધાના ચક્કરમાં વિધવા ધ્રુપદાબાઈ પોતાના પુત્ર દિલીપને ખોઈ બેસે છે. જમીનમાંથી કંકાળ નીકળવાથી તે ભાગે છે. ભાગવાથી તે ઊંડા ખાડામાં પડી જાય છે. જેના કારણે તેને માથામાં ઊંડો ઘા વાગી જાય છે અને તે પાગલ જેવો બની જાય છે.

એકનાથનો ભાઈ મધુકાર તનપુરે નવા કપડાં સીવડાવવા માટે સોનખાસી ખેતરમાં રહેલા બહેડાંના વૃક્ષોને કપાવી નાખે છે. જ્યારે એકનાથને આ વાતની ખબર પડે છે ત્યારે તે ખૂબ દુઃખ થાય છે ખેતરમાં બે જ મોટા વૃક્ષો હતા એમાંથી પણ એક પૈસા માટે કપાવ્યું નથી. વૃક્ષના કાપવાથી એકનાથ અને ખેતર સાવ વેરાન હોય એવું લાગે છે. મધુકરે આ પહેલા પણ કપડાં કે કોઈ અન્ય બાબતો માટે ઘણા વૃક્ષો વેચી નાખ્યા હતા. પણ એકનાથને કપડાં માટે ક્યારેય વૃક્ષો કાપવાનો વિચાર ન આવ્યો હતો તેને કપડાંથી પણ વધારે વૃક્ષો વ્હાલા હતા.

નવલકથાના અંતના ભાગમાં જ્યારે સુભાનરાવ એકનાથને પૂછે છે કે પાક કેવો છે ત્યારે સુભાનરાવ અને એકનાથનો જે સંવાદ થાય જે તે અહી વર્ણવ્યો છે:

" ये बादल ही एसे भरे रहते है,इससे रोग हटे कैसे ? खूब धूप चाहिए अब तो। "

"अच्छा बाबा बात यह हुई की खेत में पक्षी बचे ही नही..."

"कैसे बचेगे ?सारे ख़लास कर दिए आदमी ने छिड़काव कर-करके ।"

"और किट झल्लियों मे भी प्रतीकार शक्ति इतनी आ गई है की अंगुली से एंडरिन के डिब्बे मे डालने से भी नही मरते .... ।"

કેવી રીતે પક્ષીઓની જાતિઓ નાબૂદ થવા લાગી વહે તેનું નવલકથામાં વર્ણન કરવામાં આવ્યું છે. જંતુનાશક દવાઓના છંટકાવથી પર્યાવરણના જીવોનું નુકસાન થાય છે અને તે પોતાના જીવથી હાથ ધોઇ બેસે છે. માત્ર પર્યાવરણને જ નહિ પણ સમગ્ર માનવજાતિ આવા પાકનો ખોરાક ખાવાથી કેટલાય રોગોથી ઘેરાયેલી છે.

'बारोमास' નવલકથામાં પર્યાવરણીય સમસ્યાઓ :

બારોમાસ નવલકથામાં વરસાદ આધારિત ખેતી કરનાર ખેડૂતની પ્રકૃતિ પણ દુશ્મન બની ગઈ હોય એવું લાગે છે ખેડૂતોએ વરસાદ આવવાથી વાવણી તો કરી નાખી પણ પાછળથી વરસાદનું કશું નામનિશાન નહીં જેના કારણે ખેતરમાં ઊભા પાક સાવ સુકાઈ જાય છે. ખેડૂતનો જીવ બળીને ખાખ થઈ જાય છે। ખેતરમાં જવાનું અને ઊભો પાક સુકાતો જોઈને હૃદય ફાડી નાખે એવું રુદન કરતા ખેડૂત આ નવલકથામાં નજરે જોવા મળે છે. ગ્લોબલ વોર્મિંગ જેવી ઘટનાને કારણે ઋતુઓમાં અનિયમિતતા જોવા મળે છે. જેના કારણે જ્યારે વરસાદ થવો જોઈએ ત્યારે થતો નથી અને જ્યારે વરસાદની જરૂર નથી ત્યારે વરસાદ વરસે છે. જેના કારણે દેશના ખેડૂતને તેનો ભોગ બનવું પડે છે.

નવલકથામાં સાંજોલ ગામમાં પહલેથી પાણીની સમસ્યા જોવા મળે છે. જે બંધમાથી પાણી નળ યોજના અંતગર્ત આવતું હતું તે સમયસર વરસાદ ન આવવાને કારણે સુકાઇ ગયો હતો. ચાર પાંચ દિવસે જે પાણી આવતું એ પણ પીવાલાયક ન આવતું. લોકો ફટકડી નાખીને દસ વાર ગાળીને તે પાણી પીતા હતા. પીવાના પાણીની અછત હોવા છતાં લોકો દૂરથી પાણી લાવીને મહાદેવના પિંડ પર પાણી રેડતા હતા. લોકોની આસ્થા હતી કે મહાદેવના પિંડનો અભિષેક કરવાથી વરસાદ આવી જાય. પણ એવું કશું જ બન્યું જ નહિ.

નવલકથામાં ખેડૂત ના ત્રણ શત્રુ માનવામાં આવ્યા છે એમાં પહેલી તો પ્રકૃતિ. બીજી છે આપણી બજાર વ્યવસ્થા અને ત્રીજી છે આયાત નિકાસની સરકારની નીતિ. આ ત્રણમાંથી કદાચ બીજી અને ત્રીજી વ્યવસ્થા સુધરી જાય તો પણ ખેડૂતના હાથમાં કંઈક આવે પણ પ્રથમ વ્યવસ્થા તો કુદરતના આધારે જોડાયેલી છે જો સમયસર વરસાદ ના પડે તો પાક ઉત્પાદન ન થાય. પાકનું ઉત્પાદન ન થાય તો ખેડૂત કર્જ નીચે હંમેશા ડૂબેલો જ રહે.

'बारोमास' નવલકથામાં જૈવ વૈવિધતા :

નવલકથામાં ગામમાં યોજાયેલા ખેડૂત સંમેલનમાં ખેતી અંગેના ઘણા દિશાસૂચન કરવામાં આવ્યા છે જેમાં મિશ્ર ખેતી પદ્ધતિથી ખેડૂતો વધારે ઉત્પાદન મેળવી શકે છે રાસાયણિક ખાતરની સાથે સાથે છાણિયું અને સેન્દ્રીય ખાતરનો ઉપયોગ સમાનતરે કરવાથી ખેતીની ફળદ્રુપતા જળવાઈ રહે છે. નવલકથામાં વનખેતીની વાત શ્યામભાઉ ગટાણી દ્વારા કરવામાં આવી છે જેમાં તે આંબો, સીતાફળ, બોર, આંબલી,સાગ જેવા વૃક્ષોને ઉપયોગ કરી અને વન ખેતી કરી શકાય છે વન ખેતી માટે જલ ગામનું ઉદાહરણ આપે છે કે ત્યાં એક ખેડૂતે એક એકર માંથી એક લાખનું ઉત્પાદન મેળવ્યું છે.

નવલકથામાં એક સ્થળે ખેતરમાં ફરતા નાયક એકનાથને ટિંટોડી પોતાના ઇંડાનો બચાવ કરવા માટે માથા પર ચાંચ મારે છે. ત્યારે તેને ટિંટોડી પર ગુસ્સો નથી આવતો. તેને તો બાળપણમાં નાનુદાદા અને દાદી ની વાર્તાઓ યાદ આવે છે. વાર્તામાં કેવા પશુ અને પંખીઓ બોલતા પણ અત્યારે તો દેખાતા પણ નથી. કાગડો, કોયલ,બાજ,ગીધ ,પોપટ- મેના,ચકલી,તેતર,લાવરી જેવા અનેક પક્ષીઓ બાળપણમાં હતા જે અત્યારે તો જોવા પણ નથી મળતા.રાસાયણિક દવાઓના છંટકાવથી પક્ષીઓ કીડા અને ઇયડોને ખાય છે જેના કારણે તેનું મૃત્યુ થાય છે.

કલ્યાણીની વાડીમાં એકના છે વિવિધ પ્રકારના વૃક્ષો વાવ્યા હતા. જેમાં બાવળ જાંબુ, આંબો ( જેને નામ પણ આપ્યા હતા શેપા અને બેલ્યા) ગુંદા, બહેડા, બોર, લીંબુ ,ચંદન વગેરે વૃક્ષોના કારણે વાળી હંમેશા લીલીછમ દેખાતી ઘણા વૃક્ષો જાળી આકારના હોવાથી એકના છે તેણે વિવિધ રીતે કાપીને મસ્ત આકાર આપ્યો હતો. ચંદનના નાના રોપાને એકનાથ જેમ નાના બાળકને વ્હાલ કરે એમ પંપાળતો હતો.

આમ નવલકથામાં માનવજીવન અને પ્રકૃતિ વચ્ચે ગાઢ સંબંધ સ્પષ્ટ જોવા મળે છે. પર્યાવરણમાં થતાં પરિવર્તનો, કુદરતી સંસાધનોનો ક્ષય, કૃષિ આધારિત જીવનની મુશ્કેલીઓ અને ગ્રામ્ય સમાજ પર પડતાં પ્રભાવોને નવલકથા અસરકારક રીતે રજૂ કરવામાં આવી છે.

નવલકથામાં દર્શાવાયેલ પરિસ્થિતિઓ માત્ર વ્યક્તિગત દુઃખ કે સામાજિક સંઘર્ષ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે પર્યાવરણના અસંતુલન અને માનવ હસ્તક્ષેપના પરિણામો તરફ પણ ધ્યાન દોરે છે. ઈકોક્રિટિસિઝમની દૃષ્ટિએ જોવામાં આવે તો કૃતિ પ્રકૃતિ અને માનવ વચ્ચેના સહઅસ્તિત્વની આવશ્યકતા દર્શાવે છે અને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ અભિગમ અપનાવવાનો સંદેશ આપે છે.

આ રીતે, બારોમાસ નવલકથા માત્ર સામાજિક વાસ્તવિકતાનું પ્રતિબિંબ નથી, પરંતુ પર્યાવરણીય સંકટ અને માનવીય અસ્તિત્વ વચ્ચેના સંબંધને ઉજાગર કરતી મહત્વપૂર્ણ કૃતિ તરીકે

પણ સામે આવે છે. તેથી ઈકોક્રિટિકલ અભ્યાસ નવલકથાના અર્થક્ષેત્રને વધુ વિસ્તૃત બનાવે છે અને પ્રકૃતિ કેન્દ્રિત વિચારસરણીને મજબૂત કરે છે.

સંદર્ભગ્રંથ સૂચિ :


Glotfelty, Cheryll and Harold Fromm's. The Ecocriticism Reader: Landmarks in Literary Ecology (university of Georgia press,1996) print

Garrard, Greg. Ecocriticism. London: Routledge, 2004.

देशमुख, सदानंद बारोमास . दामोदर खडसे, साहित्य अकादेमी । नवी दिल्ही, 2012.


---


પરમાર મધુ લાખાભાઈ

માર્ગદર્શકશ્રી

દીપક ભાનુશંકર ભટ્ટ

ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય, કુંઢેલા, વડોદરા